Extra No. 187

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] WEDNESDAY, JULY 15, 2026 / ASADHA 24, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે.

નં.પીઓએલ-૨/જાહેરનામું/૩૭(૩)/વશી/૧૦૧૫(૧)/૨૦૨૬.-આગામી તા.૨૫/૦૭/૨૦૨૬ થી હિન્દુજૈન ધર્મનો પવિત્ર ચતુર્માસ શરૂ થનાર છે. તેમજ તા.૨૫/૦૭/૨૦૨૬ થી ગૌરીવ્રત/જયાપાર્વતી વ્રત શરૂ થઇ તા.૩૧/૦૭/૨૦૨૬ ના રોજ પૂર્ણ થઇ તા.૦૧/૦૮/૨૦૨૬ ના રોજ જયાપાર્વતી વ્રતનું જાગરણ હોઇ જેમાં નાની છોકરીઓ/સ્ત્રીઓ, ગૌરીવ્રત/જયાપાર્વતીનું વ્રત કરી મંદિરોમાં પુજા/અર્ચના કરવા જાય છે.તેમજ આગામી સમયમાં સાબરકાંઠા જિલ્લાના, પોશીના તાલુકાના ખેરોજ પો.સ્ટે.ની હદના તાલુકા પંચાયત પોશીનાના ૧૯-ટેબડા બેઠકની પેટા ચૂંટણી હેઠળની અનુસૂચિત આદિજાતી સ્ત્રી બેઠક-૧ ની જુલાઇ-૨૦૨૬ પેટા ચૂંટણીનું મતદાન તા.૨૮/૦૭/૨૦૨૬ ના રોજ યોજાનાર છે તેમજ જો પુન: મતદાન યોજવાનુ થાય તો તેની તા.૨૯/૦૭/૨૦૨૬ તથા મતગણતરી તા.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ હાથ ધરાનાર છે.જેમાં જુદા જુદા રાજકીય પક્ષો પોતાની જીત માટે પ્રવાસ કાર્યક્રમો તથા સભાઓ,રેલી, વિગેરે કાર્યક્રમો ઘડવાની શકયતા હોઇ તેમજ જુદા જુદા ખાનગી ઈનપુટો ધ્યાને લેતાં જીલ્લામાં અસામાજીક તત્વો દ્વારા કોઇ અઘટિત બનાવ ન બને તે સારૂ અગાઉનું જાહેરનામું તા.૧૭/૦૭/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ વાગે પુરૂ થતું હોઇ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તા.૧૧/૦૭/૨૦૨૬ના રોજ રજુ કરેલ પત્રની વિગતે સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તથા કોઇ અનિચ્છનિય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે પ્રતિબંધક આદેશ બહાર પાડવા વિનંતી સહ દરખાસ્ત કરેલ છે. જે પરત્વે નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાયેલ છે.

વાસ્તે, હું કે.એ.વાઘેલા(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩)થી મને મળેલ અધિકારની રૂએ આથી આદેશ આપુ છું કે, સાબરકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૧૮/૦૭/૨૦૨૬ના કલાક ૦૦-૦૨ થી તા.૦૧/૦૮/૨૦૨૬ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવુ નહીં અથવા કે કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં. વધુમાં સરકારી કચેરીઓ આગળ ધરણા, ઉપવાસ, દેખાવોની પ્રવૃત્તિઓ કરવી □□□.

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તેમજ અન્ય સરકારી કાર્યક્રમને લાગુ પડશે નહી. આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના હોદ્દાના પોલીસ અધિકારીને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

મે, આજ તા.૧૫મી જુલાઈ ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કિષ્ણા એ. વાઘેલા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે.

નં.પીઓએલ-૨/જાહેરનામું/૩૭(૧)/વશી/૧૦૧૫/૨૦૨૬ આગામી તા.૨૫/૦૭/૨૦૨૬ થી હિન્દુજૈન ધર્મનો પવિત્ર ચતુર્માસ શરૂ થનાર છે. તેમજ તા.૨૫/૦૭/૨૦૨૬ થી ગૌરીવ્રત/જયાપાર્વતી વ્રત શરૂ થઇ તા.૩૧/૦૭/૨૦૨૬ ના રોજ પૂર્ણ થઇ તા.૦૧/૦૮/૨૦૨૬ ના રોજ જયાપાર્વતી વ્રતનું જાગરણ હોઇ જેમાં નાની છોકરીઓ/સ્ત્રીઓ, ગૌરીવ્રત/જયાપાર્વતીનું વ્રત કરી મંદિરોમાં પુજા/અર્ચના કરવા જાય છે.તેમજ આગામી સમયમાં સાબરકાંઠા જિલ્લાના, પોશીના તાલુકાના ખેરોજ પો.સ્ટે.ની હદના તાલુકા પંચાયત પોશીનાના ૧૯-ટેબડા બેઠકની પેટા ચૂંટણી હેઠળની અનુસૂચિત આદિજાતી સ્ત્રી બેઠક-૧ ની જુલાઈ-૨૦૨૬ પેટા ચૂંટણીનું મતદાન તા.૨૮/૦૭/૨૦૨૬ ના રોજ યોજાનાર છે તેમજ જો પુન: મતદાન યોજવાનુ થાય તો તેની તા.૨૯/૦૭/૨૦૨૬ તથા મતગણતરી તા.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ હાથ ધરાનાર છે. જેમાં જુદા જુદા રાજકીય પક્ષો પોતાની જીત માટે પ્રવાસ કાર્યક્રમો તથા સભાઓ,રેલી, વિગેરે કાર્યક્રમો ઘડવાની શકયતા હોઇ તેમજ જુદા જુદા ખાનગી ઈનપુટો ધ્યાને લેતાં જીલ્લામાં અસામાજીક તત્વો દ્વારા કોઈ અઘટિત બનાવ ન બને તે સારૂ અગાઉનું જાહેરનામું તા.૧૭/૦૭/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ વાગે પુરૂ થતું હોઈ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તા.૧૧/૦૭/૨૦૨૬ના રોજ રજુ કરેલ પત્રની વિગતે સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે પ્રતિબંધક આદેશ બહાર પાડવા વિનંતી સહ દરખાસ્ત કરેલ છે. જે પરત્વે નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાયેલ છે.

વાસ્તે, હું કે.એ.વાઘેલા(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૧૮/૦૭/૨૦૨૬ના કલાક ૦૦-૦૨ થી તા.૦૧/૦૮/૨૦૨૬ના કલાક ૨૪-૦૦ સુધી નીચે મુજબની સુચનાઓની તમામ સંબંધીતોને અમલવારી કરવા હુકમ કરું છું.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સાબરકાંઠાની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

તા.૧૮/૦૭/૨૦૨૬ના કલાક ૦૦-૦૨ થી તા.૦૧/૦૮/૨૦૨૬ના કલાક ૨૪-૦૦ (બંને દિવસો સહિત)૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

પ્રતિબંધિત કૃત્યો

૧. જેનાથી શારીરીક ઈજા પહોચાડવા અંગે ઉપયોગમાં લઈ શકે તેવા શસ્ત્રો જેમ કે, શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી કે તેવી બીજી કોઈ વસ્તુઓ લઈ જવા અંગે અથવા સાથે લઈને ફરવાનું.

૨. કોઈપણ ખવાઈ જાય તેવા પદાર્થ અથવા જલ્દી સળગી ઉઠે તેવી વસ્તુઓ, બીજા સ્ફોટક પદાર્થો લઈ જવા અંગે અથવા સાથે લઈને ફરવાનું.

૩. પથ્થરો કે બીજા હથીયારો કે હથીયારો ફેકવાના કે નાખવાના યંત્રો કે સાધનો એકઠા કરવા તથા સાથે લઈ જવા અંગે કે તૈયાર કરવા કે સાથે લઈને ફરવાનું.

૪. સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઈ જવા બાબત.

૫. વ્યક્તિઓ અથવા તેના શબ, આકૃતિ કે આકાર અથવા પુતળા દેખાડવાનું.

૬. લોકોએ ભુમ પાડવાની કે ગીતો ગાવાની કે વાદ્ય વગાડવા બાબત.

૭. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાનું જેનાથી સુરુચી અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડો, ચીત્રો, નિશાનીઓ દેખાડવાનું અથવા ફેલાવો કરવાનું કે સાથે રાખીને ફરવાનું.

“અપવાદ: નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી”

૧. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિકૃત કરેલ કોઈ પણ અધિકારીશ્રીએ શારીરીક અશક્તિના કારણે લાકડી, કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિઓ.

૨. સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરની અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવુ કોઈ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનું આવશ્યક હોય.

૩. કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખિતમાં મંજુરી આપી હોય તેવી સંસ્થા કે વ્યક્તિઓ.

૪. ખેતીના કામે ઓજારો લઈ જતાં ખેડુતો.

૫. સરકારશ્રીના સરકારી કાર્યક્રમ

“ જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ”

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઈ દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના હોદ્દાના પોલીસ અધિકારીને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

મે, આજ તા.૧૫મી જુલાઇ ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કિષ્ણા એ. વાઘેલા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.06 18:05:40 IST